૫૦૧ / ૩૩૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૧:૧૫]  (રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૦૧)  [કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧  સહજાનંદ ચરિત્ર)**

**પ્ર. ૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘આમાંથી દ્રવ્ય મેળવીને સૌ સંતો તથા પાર્ષદોને રસોઈ કરાવી જમાડજો.’

૨. ‘નામ ઘેલો છે પણ શેઠ બહુ ડાહ્યા છે.’

૩. ‘એમાં શું ? અમે તમને બાજરો લણવામાં મદદ કરીએ તો ?’

૪. ‘ભગવાન આવો અન્યાય નહિ સાંખી લે.’

**પ્ર. ૨. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. શીતળદાસ વ્યાપકાનંદ બન્યા.

૨. મહારાજે પરમહંસોને અલક્ષ્યપણે વિચરવાની આજ્ઞા કરી.

૩. મહારાજે સુરાખાચરને પ્રાયશ્ચિત્તરૂપે ૫૧ માળા ફેરવવાની આજ્ઞા કરી.

૪. ડનલોપ સાહેબ મહારાજના પગમાં પડી ગયા.

**પ્ર. ૩. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. વેદાંતાચાર્યનો પરાજય.

૨. ફકીરને પરચો.

૩. મૂંગાને મોઢે વેદ.

૪. ફટાણાં બંધ કરાવ્યાં.

**પ્ર. ૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. શ્રીજીમહારાજે જડભરત કોને કહ્યા ?

૨. વરતાલ અને અમદાવાદ ગાદીના આચાર્ય તરીકે મહારાજે કોને નીમ્યા ?

૩. શ્રીજીમહારાજ ક્યારે સ્વધામ પધાર્યા ?





૪. દીનાનાથ ભટ્ટે કયા ગ્રંથના કેટલા શ્લોક મોઢે કરેલા ?

૫. સ્વામિનારાયણ નામનું ભજન મહારાજે ક્યારથી કરાવ્યું ?

**પ્ર. ૫. નીચેનામાંથી કોઈપણ એક વિષયનું નિરૂપણ કરો અને તેનો ટૂંકમાં ભાવાર્થ લખો.** ૫

૧. સ્ત્રીની ગંધ

૨. સાધુઓની આકરી પરીક્ષા

૩. ભાવનગરમાં પધરામણી

**(વિભાગ - ૨  સત્સંગ વાચનમાળા ભાગ-૨)**

**પ્ર. ૬. નીચેનામાંથી કોઈપણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘આ તો અક્ષર ઓરડી છે. ગપ્પા શું મારો છો ?’

૨. ‘આવા તો લંગોટિયા ઘણાય રખડતા હોય.’

૩. ‘સ્વામી ! બસ કરો. આ પદ ન ગાશો.’

૪. ‘રોટલા કરજો પણ લાડુ કરશો નહિ.’

**પ્ર. ૭. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. જીવાખાચરના મનની મનમાં રહી ગઈ !

૨. જીવુબા - લાડુબાને દર્શનની છૂટ મળી.

૩. ગવૈયાઓ પ્રેમાનંદ સ્વામીની સુરાવલીથી મુગ્ધ થઈ ગયા.

૪. ઈન્દ્રજીભાઈ અખંડાનંદ બ્રહ્મચારી બન્યા.

**પ્ર. ૮. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. મૂળજી બ્રહ્મચારીનું સ્વપ્ન.

૨. નરસિંહ પંડ્યાનો પરાજય.

૩. જાગા ભક્તની મુમુક્ષુતા.

૪. અયોધ્યાપ્રસાદજી મહારાજની આત્મનિષ્ઠા.

**પ્ર. ૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. જાગા સ્વામીની અંતિમ અવસ્થામાં સેવા કોણે કરી ?

૨. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું ઐતિહાસિક મિલન ક્યાં અને કોની પ્રેરણાથી થયું ?

૩. મહારાજે મૂળજી બ્રહ્મચારીને વગર વાંકે કઈ આજ્ઞા કરી ?

૪. દાદાખાચરે કઈ આજ્ઞાનો લોપ કર્યો જેથી મહારાજ બહુ રાજી થયા ?

૫. ભક્તિમાતાએ બાઈઓને શું કહ્યું ?

૬. પ્રેમાનંદ સ્વામીના કયા આકરા વ્રતથી મહારાજ બહુ રાજી થયા હતા ?

## (વિભાગ - ૩ નિબંધ)

**પ્ર. ૧૦. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો. ૧૫**

૧. શ્રીજીમહારાજનું વિરલ વ્યક્તિત્વ

૨. પ્રમુખસ્વામી મહારાજ - શ્રેષ્ઠ કર્મયોગી

૩. ભૂકંપગ્રસ્તોની સહાયે અક્ષરપુરુષોત્તમ સંસ્થા

✿ ✿ ✿